નવા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ આધારિત
દરેક વિભાગની સમજૂતી સાથેનું જવાબી સ્ટડી મટીરિઅલ...

ધોરણ
6

ભાગ-1/ભાગ-2

# અલંકાર સ્ટડી મટીરિઅલ

Best Reference Material




Alankar®
Publication



# અનુક્રમણિકા

## ભાગ : 1


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | પર્વત તારા — પ્રાર્થનાગીત | 04 |
| 2 | વાર્તા રે વાર્તા — વાર્તા | 10 |
| 3 | ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય — પ્રકૃતિનિબંધ | 22 |
| 4 | દૃષ્ટિ પારની સૃષ્ટિ — વિજ્ઞાનકથા | 32 |
| 5 | જય-જય ગરવી ગુજરાત ! — શૌર્યગીત | 43 |
| 6 | રાષ્ટ્રીય શાયર... ઝવેરચંદ મેઘાણી — જીવનચરિત્ર | 49 |
| 7 | નવી નવાઈનું સરઘસ — બાળનાટક | 57 |
| 8 | રામ રાખે તેમ રહીએ — ભજન | 63 |
| 9 | નામનો મોહ છૂટ્યો — પ્રેરકકથા | 69 |
| 10 | લેખણ ઝાલી નો રહી — લોકકથા | 76 |


**પૂરક વાચન**


| | | |
|---|---|---|
| (1) | 'ચાલ ફરીએ...' — ગીત-કાવ્ય | 84 |

| | | |
|---|---|---|
| * | આદર્શ પ્રશ્નપત્ર-1 | 85 |
| * | મારુ નિબંધ લેખન-1 | 89 |


## ભાગ : ૨


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 11 | દૂર શું ? નજીક શું ? — ગીત | 98 |
| 12 | અપરાજેય — નવલકથા અંશ | 104 |
| 13 | પરોપકારી મનુષ્યો — હાસ્ય-નિબંધ | 115 |
| 14 | એક ઈડરનો વાણિયો — કથાકાવ્ય | 121 |
| 15 | બે રૂપિયા — વાર્તા | 128 |
| 16 | શેરીએ આવે સાદ — પ્રકૃતિગીત | 135 |
| 17 | સાપુતારાનો પ્રવાસ — પ્રવાસનિબંધ | 140 |
| 18 | એકલો જાને રે... — ગીત | 145 |
| 19 | કોઈ દેખાડો ! — લોકગીત | 152 |


**પૂરક વાચન**


| | | |
|---|---|---|
| (1) | પૈડું — નિબંધ | 157 |
| (2) | પીળક — પ્રેરકકથા | 159 |

| | | |
|---|---|---|
| * | આદર્શ પ્રશ્નપત્ર-2 | 161 |
| * | મારુ નિબંધ લેખન-2 | 165 |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

દરેક એકમની સમજૂતી અને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન

પ્રથમ સત્ર
દ્વિતીય સત્ર

# અલંકાર સ્ટડી મટીરિઅલ

## ધોરણ 2 થી 8 (બધા જ વિષયો)

**વર્ગખંડમાં જવાબો લખવા-લખાવવા, હવે સમય બગાડવાની જરૂર નથી.**

**સ્ટડી મટીરિઅલ અવશ્ય વસાવો.**

Best Reference Material




D-08



F-23



H-26



I-27



E-24



G-24



H-32



J-30

## વિશેષતાઓ

- P.T.C., D.EL.Ed. અને B.Ed. ની પદ્ધતિથી તૈયાર કરેલું મટીરિઅલ.
- દરેક વિષયના દરેક એકમમાં સરળ શરૂઆતથી લઈ વિસ્તૃત પ્રશ્નો-જવાબો એક જ પુસ્તકમાં.
- દરેક એકમના અભ્યાસ-સ્વાધ્યાયના તમામ પ્રશ્નોના જવાબ.
- વ્યાકરણ અને નિબંધોનો સમાવેશ.
- પ્રયોગપોથી અને નકશાપૂર્તિના જવાબો.
- પુનરાવર્તનલક્ષી કસોટીઓ અને આદર્શ પ્રશ્નપત્ર.
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ.

**કુરિયર દ્વારા બુક્સ ઓર્ડર કરવા માટે**
**સંપર્ક નં. : 9558047575 / 9726437575**

Alankar® Publication

# 3. ચોમાસામાં સૃષ્ટિસૌંદર્ય (પ્રકૃતિનિબંધ) -ગિજુભાઈ બધેકા

## ● લેખક પરિચય :

ગિજુભાઈ બધેકા એક કેળવણીકાર હતા. તેઓ **'મૂછાળી મા'** તરીકે પ્રસિદ્ધ હતા. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. લેખનક્ષેત્રે તેમણે અનેકવિધ ક્ષેત્રે ખેડાણ કર્યું છે.

આ પ્રકૃતિનિબંધમાં તેમણે ચોમાસાના સૌંદર્યનું સહજ અને સજીવ વર્ણન કર્યું છે.

## ● શબ્દાર્થ :

**સહજ** - સ્વાભાવિક, **ભૂશિર** - દરિયામાં ગયેલી જમીનની લાંબી પટ્ટી, **બેટ** - ચારેબાજુ પાણીથી વીંટળાયેલી જમીન, ટાપુ, **નિહાળો** - જુઓ, **નિર્દોષ** - દોષરહિત, **ભાળવું** - જોવું; **અંકુર** - કૂંપળ, **વાવવું** - ખેતરમાં બીજ વાવવાની પ્રક્રિયા, વાવણી, **લહેરી** - મોજિલું

## ● પાઠની સમજૂતી :

બાળમિત્રો, ચોમાસું ચાલતું હોય, ત્યારે જ પાઠ્યપુસ્તકમાં વર્ષાઋતુનો નિબંધ, વાર્તા કે કાવ્ય કંઈપણ ભણવાનું આવે તો કેવી મજા પડે ! 'ચોમાસામાં સૃષ્ટિ સૌંદર્ય' આવો જ એક સુંદર મજાનો પ્રકૃતિનો નિબંધ છે. જ્યારે આ નિબંધનું લયબદ્ધ પઠન કરવામાં આવે ત્યારે સાંભળનારને બધાં દૃશ્યો નજરસમક્ષ ખડા થઈ જતાં હોય એવો અનુભવ ચોક્કસ થાય.

વરસાદ વરસતાં જ સૂકી ધરતી લીલીછમ બની જાય છે એ જોઈને લાગે કે જાણે ધરતીએ લીલી સાડી પહેરી છે. પક્ષીઓ, દેડકાં, તમરાં વગેરે તેમના તીણા સ્વરમાં મેઘરાજાનું સ્વાગત કરે છે. ધરતીના કેટલાયે નાનાં-મોટાં જીવોને આ વરસાદે નવજીવન આપ્યું છે. ચોમાસું કુદરતનું સહજ સૌંદર્ય છે. ધરતી-આકાશ સહિત બ્રહ્માંડ સુંદર-સુંદર લાગે છે. વરસતા વરસાદમાં નદીમાં નવા પાણીની આવક થાય છે તેની સાથે ધૂળ-માટી પણ ખેંચાઈ આવે છે. આથી વરસાદ ન રહે ત્યાં સુધી નદીના પાણી આછરતાં નથી. આથી પાણી ડહોળું લાગે છે. વરસતા વરસાદમાં લેખક બાળકોને આળસ છોડીને જાગીને સ્ફૂર્તિથી બહાર નીકળી રમવાનું અને પ્રકૃતિનું અવલોકન કરવાનું કહે છે. કેટલાંક પશુ-પક્ષીઓ વરસાદમાં ભીંજાવાની મજા લે છે તો કેટલાંક કાયરની જેમ દોડાદોડી કરી સંતાવાની કોશિશ કરે છે. લેખક બાળકોને આ બધાનું અવલોકન કરવા કહે છે. વરસાદના નવા જળે રચેલા ભૂશિર, સામુદ્રધુની, બેટ અને દ્વીપકલ્પ વગેરે નિહાળવાનું લેખક કહે છે. વરસાદમાં ડોલતાં વૃક્ષો અને તેનું પ્રતિબિંબ જ્યારે નદીના પાણીમાં પડે ત્યારે પાણી સાથે હલતાં વૃક્ષો જાણે નૃત્ય કરતાં હોય એવું લાગે છે.

વરસાદ રહી ગયા પછી લેખક બાળકોને બહાર નીકળવાનું કહે છે. આ સમયે બાળકોને બાંધેલી પાંખો છૂટી થઈ હોય તેવો અનુભવ થશે. લેખકે અનેક વરસાદી જીવડાં, ગામડું, પાદર, ઘટામાં, કૂજતી કોયલ, બપૈયો, ખેડૂત, ખેતર; વાવણી, કાગળની હોડી, સક્કરખોરો, મોર, મેઘધનુષ્ય વગેરેનું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે.

છેલ્લે લેખક બાળકોને આહ્‌વાન કરે છે. નિશાળનાં બારણાં ખુલ્લાં મૂકો, ઘરનાં બારણાં ખુલ્લાં મૂકો, બાળકો તમે કુદરતના ખોળે ખેલવા નીકળી પડો.

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐માં લખો:**

**(1) ઝાડ આખો દિવસ હલે છે. એટલે શું ?** – B

(A) વહેતા પાણીમાં ઝાડનું પ્રતિબિંબ પડવું.

(B) **પવનથી ઝાડનાં ડાળી-પાદડાંનું હલવું.**

(C) ઝાડમાંથી ‘હલ હલ’ અવાજ આવવો.

(D) ઝાડ સ્થિર નથી રહેતું.

**(2) ધરતીએ લીલી સાડી ધારણ કરી છે. એટલે શું ?** – B

(A) લોકોએ જમીન પર લીલી સાડી પાથરી છે.

(B) **બધે લીલું ઘાસ ઊગી નીકળ્યું છે.**

(C) ધરતીએ ‘લીલી’ નામની બહેનપણીની સાડી લીધી છે.

(D) ધરતીનો રંગ લીલો છે.

**(3) નદીનાં પાણી ફૂલોને નચાવે છે. એટલે શું ?** – B

(A) નદીના કલકલ સ્વરથી ઈચ્છા ન હોવા છતાં ફૂલો ઊછળે છે.

(B) **ચોમાસામાં ઊછળતાં નદીનાં પાણી સાથે ફૂલ ઊછળે છે.**

(C) નદીનાં પાણીને અડતાં જ ફૂલો કૂદવા માંડે છે.

(D) નદીમાં સુંદર ફૂલો ખીલ્યાં છે.

**2. નીચેના શબ્દની સામે આપેલા અર્થના આધારે વિકલ્પમાં આપેલાં વાક્યોમાંથી સાચા વાક્યની સામે ☑ કરો :**

**(1) તરવરિયાં - ચંચળ, ચપળ, અધીરાં**

(A) માછલાં પાણીમાં તરતાં હોય છે માટે તેમને તરવરિયાં કહેવાય. – ☐

(B) નાનાં બાળકો બહુ તરવરિયાં હોય છે, એક ઘડી પણ શાંત બેસે નહીં. – ✓

(C) જિયા અને ઉર્વીશા એવાં તરવરિયાં છે કે તરવાની હરીફાઈમાં કોઈને જીતવા જ ન દે. – ✓

**(2) વેગ - ઝડપ**

(A) ઢાળ પર સાઈકલ સડસડાટ સરકે. તેનો વેગ રોકવા બ્રેક લગાવવી પડે. – ✓

(B) ચિત્તો પૃથ્વી પરનું સૌથી વધુ વેગથી દોડતું પ્રાણી છે. – ✓

(C) સ્કૂટર ચાલુ કર્યા પછી વેગ વધારવા ઍક્સિલરેટર આપવું પડે. – ✓

**(3) નાજુક - કોમળ, મૃદુ**

(A) આ ગાદલું તો રૂ જેવું નાજુક છે. – ☐

(B) નાનાં બાળકોનાં હાડકાં નાજુક હોય છે. – ✓

(C) લાકડું નાજુક હોવાથી પાણીમાં તરે છે. – ☐

**(4) હર્ષ - આનંદ**

(A) આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓએ પોતાની જાતે કરી તે જોઈને શિક્ષકને હર્ષ થયો. – ✓

(B) ખો-ખોમાં અમારી ટીમ જીતી એટલે અમે હર્ષથી કિકિયારીઓ કરી ઊઠ્યાં. – ☐

(C) આનંદ અને ખુશી બંને હર્ષની ટીમમાં છે. – ☐

(5) **સૌંદર્ય - સુંદરતા, મનોહરતા**

(A) સૂર્યાસ્ત સુંદર જ હોય. તેમાં વળી વાદળાનાં રંગ સૌંદર્ય વધારી દે. – ✓

(B) મારી પાસે ખૂબ જ સૌંદર્યવાળાં કપડાં છે. – ☐

(C) મીનાક્ષી દેખાવે તો સુંદર છે જ. તેનો સારો સ્વભાવ તેના સૌંદર્યમાં વધારો કરે છે. – ☐

**3. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

**(મોટેથી, શાંતિથી, સાચવીને, ઘસીઘસીને, ધરાઈને, રડતાં રડતાં, ઝડપથી, ઓછું, ગુસ્સે થઈને, રમતાં રમતાં)**

(1) મેં દોડની હરીફાઈમાં ભાગ લીધો છે. હું **ઝડપથી** દોડીશ.

(2) વરસાદ પડવાથી રસ્તાની માટી ચીકણી થઈ ગઈ છે. હું **સાચવીને** ચાલીશ.

(3) હાથમાં રંગ લાગી ગયો છે. હું હાથ **ઘસીઘસીને** ધોઈશ.

(4) મંજુલા ખૂબ આગળ પહોંચી ગઈ છે. તેને ઊભી રાખવા હું **મોટેથી** બૂમ પાડીશ.

(5) મામીએ લાપસી રાંધી છે. હું **ધરાઈને** જમીશ.

(6) દાદાને હવે **ઓછું** સંભળાય છે એટલે તે **મોટેથી** બોલે છે.

(7) ગ્રાહક **ગુસ્સે થઈને** બોલતા હતા પણ વેપારીએ **શાંતિથી** જવાબ આપ્યો.

(8) નાનાં છોકરાં તો **રમતાં રમતાં** લડી પડે ને **રડતાં રડતાં** હસી પડે.


**4. નીચે કૌંસમાં આપેલા શબ્દ કે શબ્દસમૂહનું જે-તે વિભાગમાં વર્ગીકરણ કરો :**
**(મધ ચૂસવું, ગર્જના, લીલું, સક્કરખોરો, દેડકાં, તીણું, ઝીણું, પૂર, આમતેમ, રેતી, મોર, કાનખજૂરા, કાંકરા, સહજ, ધોળું, મેઘ, કાળું, સરસર, ઝાંઝરું, ઈન્દ્રધનુષ, વીંછી, આજુબાજુ, માછલાં, તળિયું, તપખીરિયું, નાચવું, મોટું, મેઘધનુષ, વહેવું, કરડવું, વહેતું, પીંછાં, નાનું, લીંબડો, નીતર્યું, ફૂદડાં, છીપલાં, ચોખ્ખું, શંખલાં, ભેખડ, આખું, હમણાં, જાડું, પીપર, કાંઠો, ઊંચુંનીચું, કાગડો, માળો, રંગબેરંગી, તણાવું, પાંખવાળા મંકોડા)**


| ચોમાસાને લગતા | ચોમાસુ જીવો | જગ્યા કે વસ્તુની વિશેષતા દર્શાવતા |
|---|---|---|
| ગર્જના, | દેડકાં, | લીલું, ઝીણું, આમતેમ, આજુબાજુ, ધોળું, |
| પૂર, મેઘ, | કાનખજૂરા, | કાળું, ચોખ્ખું, સહજ, સરસર,, ઝાંઝરું, મોટું, |
| ઈન્દ્રધનુષ, | વીંછી, ફૂદડાં, | લીંબડો, તપખીરિયું, નાનું,, આખું, ઊંચુંનીચું, |
| મેઘધનુષ | પાંખવાળા મંકોડા | રંગબેરંગી, જાડું, પીપર, તળિયું. |
| **નદીને લગતાં** | **પક્ષીઓને લગતાં** | **ક્રિયાની વિશેષતા** |
| પૂર, રેતી, કાંકરા, | સક્કરખોરો, મોર | મધ ચૂસવું, નાચવું, વહેતું, નીતર્યું, |
| માછલાં, છીપલાં, | પીંછાં, કાગડો, | તણાવું, કરડવું, ચોખ્ખું નાનું, આખું, |
| વહેતું, શંખલા, ભેખડું | માળો | આમતેમ, સહજ, ઝીણું, આજુબાજુ, |
| તણાવું, કાંઠો, તળિયું | | તપખીરિયું, આખું, હમણાં, |

# અલંકાર ગુજરાતી વ્યાકરણ

## (ગુજરાતી શબ્દકોશ, વ્યાકરણ અને લેખન એક જ પુસ્તકમાં)

### ધોરણ 6/7/8/ માટે અલગ-અલગ પુસ્તકો







### વિશેષતાઓ



- ધોરણને અનુરૂપ **વિશાળ શબ્દભંડોળ**
- શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની સમજ
- સાચી જોડણીનું મહત્ત્વ સમજાવતાં પુસ્તકો
- શબ્દકોશની ઉપયોગિતા
- શબ્દકોશમાંથી શબ્દના અર્થ મેળવવાની યોગ્ય પદ્ધતિની સમજ
- **વ્યાકરણના દરેક મુદ્દાની સૂક્ષ્મ છણાવટ**
- પાઠ્યપુસ્તકના વ્યાકરણ સાથે મહાવરા માટે વિશેષ વ્યાકરણ
- સ્વાધ્યાય દ્વારા સ્વ-અધ્યયનની પ્રવિધિઓ
- લેખનવિકાસ માટે નોંધપાત્ર સચોટ સામગ્રી જેમ કે...
  નિબંધ, વાર્તાલેખન, પત્ર, વિચાર-વિસ્તાર, સંક્ષેપીકરણ અહેવાલ લેખન, પદ્યાર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ વગેરે...
- **વાંચન, લેખન, પઠન અને શ્રવણ કૌશલ્યને વિકસાવવા માટે સહાયક વિષય વૈવિધ્ય.**
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ